| | |
|---|---|
| પ્રાપ્તિ થયા તારીખ. | ૦૧–૦૩–૨૦૧૬ |
| દાખલ થયા તારીખ. | ૦૧–૦૩–૨૦૧૬ |
| ફેસલ થયા તારીખ. | ૨૦ –૦૮–૨૦૨૫ |
| સમય ગાળો. | વર્ષ – માસ – દિવસ |
| | ૦૯– ૦૫– ૧૯ |

**મહે. ગાંધીનગરના ત્રીજા અધીક સીવીલ જજ અને જે.એમ.એફ.સી.**
**(એફ.એન.સોલંકી સાહેબ) ની કોર્ટમાં,**
**મુકામઃ–ગાંધીનગર**

**ફોજદારી કેસ નં.૧૦૧૯/૨૦૧૬**
**આંક** :–

**ફરીયાદી :–**
શ્રી સરકાર.

**વિરુઘ્ધ**

**આરોપીઓ :–**
૧.હીરેનભાઇ પ્રવિણભાઇ પટેલ
રહે. સીતાપુર ગામ મુખીનો માઢ તા. માંડલ જી.અમદાવાદ.

**ગુન્હો :– ઈ.પી.કો.ની કલમ–૧૮૬, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે : વિઘ્વાન એ. પી. પી. શ્રી. ચીરાગભાઈ પી. દવે
આરોપીપક્ષ તરફે : વિઘ્વાન વકીલ શ્રી. અમીત એમ. ગમારા

---

**–:: ચુ કા દો ::–**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૧૨/૨૦૧૫ ના કલાક ૧૮/૩૦ વાગે મોજે ખોરજ નર્મદાના ઓવરબ્રિજ ઉપર ફરીયાદીને પોતાની કાયદેસરની ફરજ બજાવવામાં અડચણ ઉભી કરી ફરીયાદીને બિભત્સ ગાળો બોલીને પોતાની સ્વીફટ ગાડી નં. જી.જે.૦૧ આર.એલ. ૫૫૭ માં મ્યાન સાથેની તલવાર તથા બેઝ બોલનો ધોકા રાખી ગુન્હો કરેલ છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતાં અડાલજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ ૨૧૫/૨૦૧૫ થી નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો. ની કલમ–૧૮૬, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ થતાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ મુજબ સમન્સ કાઢવામાં આવેલ છે.

(૩) આરોપીઓને પ્રોસેસની બજવણી થતાં હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની વિના મુલ્યે નકલો આપી. આ કામે આંક–૭ થી આરોપીઓના પ્રાથમિક નિવેદન લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા આરોપીઓ સામેની આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| ક્રમ. | સાહેદની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | ફરીયાદી રામસીગ લાલજીભાઇની જુબાની. | આંક–૧૦ |
| ૨. | સાહેદ બોડાજી રૂમાલજી ઠાકોરની જુબાની | આંક–૧૨ |
| ૩. | સાહેદ નીરવ રસીકલાલ કાંતારની જુબાની | આંક–૧૪ |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | આંક–૧૧ |
| ૨. | પંચનામુ | આંક–૧૩ |

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નીવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોઈ તથા આ કામે આરોપી પાછળ થી સતત ગેરહાજર રહેતા તેના વીરુઘ્ધ સદર કામ કલમ ૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ થયેલ હોય, આ કામે તે રીતે પણ આરોપીઓનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

આ કામે ફરીયાદ પક્ષે વિઘ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક દલીલો સાંભળવામા આવી.આરોપી પક્ષે કોઈ હાજર ના હોય તેનો દલીલ નો હકક બંધ કરવામા આવેલ છે.

(૬) આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

૧ : શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૧૨/૨૦૧૫ ના કલાક ૧૮/૩૦ વાગે મોજે ખોરજ નર્મદાના ઓવરબ્રિજ ઉપર ફરીયાદીને પોતાની કાયદેસરની ફરજ બજાવવામાં અડચણ ઉભી કરી ફરીયાદીને બિભત્સ ગાળો બોલીને પોતાની સ્વીફટ ગાડી નં. જી.જે.૦૧ આર.એલ. ૫૫૭ માં મ્યાન સાથેની તલવાર તથા બેઝ બોલનો ધોકા રાખી ઈ.પી.કો. ની કલમ–૧૮૬, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨ : શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છે.

૧ : નકારમાં.

૨ : આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદા નંબર–૧ ની ચર્ચા :–**

(૮) આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી રામસીગ લાલજીભાઇનાઓને સાહેદ આંક –૧૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા. ૨૧/૧૨/૨૦૧૫ ના રોજ તેઓની નોકરી અડાલજ પો.સ્ટે. પી.સી.આર. ૧૯૮ મા ઇનચાર્જ સવારે કલાક ૮/૦૦ થી ચાલુ હતી તથા તેઓની સાથે ડ્રાઇવર તરીકે એલ.આર.પો.કો. ગીરીરાજસિંહ નવલસિંહ બ.નં.૨૪૧૬ નાઓ હતા તે દરમ્યાન સાંજના કલાક ૧૭/૩૦ વાગે ફરતા ફરતા ખોરજ નર્મદા કેનાલના ઓવરબ્રિજ ઉપર આવતા તે વખતે એક મારૂતિ સ્વીફટ કાર રોડની બાજુમાં ઉભી હતી જેથી તે શંકાસ્પદ લાગતા, જે ગાડીમાં તપાસ કરતા, આગળની ડ્રાઇવર શીટ ઉપર એકભાઇ તથા તેની બાજુની શીટમાં એક લેડીઝ બેઠેલ હતી. તેઓ યુનીફોર્મમા હતા અને તેઓએ અડાલજ પોલીસ તરીકેની ઓળખાણ આપી, ડ્રાઇવર શીટ ઉપર બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા તે તેઓની ઉપર ઉશ્કેરાઇ જઇ, તુ તેઓને પુછવા વાળો કોણ છે તેમ કહી, તેઓને જેમ ફાવે તેમ બીભત્સ ગાળો બોલવા લાગેલ અને તેઓ તેની ગાડી ચેક કરવા જતા, ગાડી ચેક કરવા દીધેલ નહી અને તેઓને તેઓની ફરજ બજાવવામાં અડચણ ઉભી કરેલી જેથી તેઓએ અડાલજ પો.સ્ટે. ફોન કરી, બીજા પોલીસના માણસોને મોકલી આપવાની જાણ કરતા થોડી વારમાં અડાલજ

પો.સ્ટે. થી પો.કો. નીરવભાઇ રસીકભાઇ તથા હે.કો. મુળજીભાઇ રામજીભાઇ નાઓ આવેલા અને તેઓ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ આગાડીની ડ્રાઇવીગ શીટ ઉપર બેસેલ ઇસમનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ હિરેનકુમાર પ્રવિણભાઇ પટેલ રહે. ર૩ મુખીનો માઢ, સીતાપુર, તા.માંડલ જી.અમદાવાદ હોવાનુ જણાવેલ. તેની બાજુમાં બેઠેલ લેડીઝનુ નામઠામ પુછતા શીલ્પાબેન વિઠલભાઇ કાછીયાણી રહે ઘાટલોડીયા, ઇશ્વરકાકા નગર, મકાન નં.૧૪, અમદાવાદ મુળ રહે. સીતાપુર, તા. માંડલ જી. અમદાવાદ હોવાનુ જણાવેલ જે સદર ગાડી જોતા સ્વીફટ વી.ડી.આઇ. ગ્રે કલર રજી. નં. જી.જે.૦૧ આર.એલ.પપ૭ નો હતો જે ગાડીમાં ચેક કરતા, પાછળની ડેકીમાંથી એક તલવાર મ્યાન સાથેની તથા એક બેઝબોલનો ધોકો મળી આવેલ જે તલવાર તથા બેઝબોલનો ધોકો રાખવા બાબતે તેને પુછતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી. જેથી સાથેના હે.કો. મુળજીભાઇ એ વિગતવારનુ પંચનામુ કલાક ૧૮/૦૦ થી ૧૮/૩૦ નુ કરી તલવાર તથા બેઝબોલનો ધોકો વગર કિંમતનો ગણી, તથા મારૂતી સ્વીફટ ગાડી રૂ. ૩,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદરી હિરેનકુમાર પ્રવિણભાઇ પટેલ ,રહે ર૩ મુખીનો માઢ, સીતાપુર, તા.માંડલ જી.અમદાવાદવાળાએ તેઓની કાયદેસરની ફરજ બજાવવામાં આડચણ ઉભી કરી તેઓને બિભત્સ ગાળો બોલી તથા પોતાની ગાડીમા મ્યાન સાથેની તલવાર તથા એક બેઝબોલનો ધોકો રાખી મે.અધીક જીલ્લા મેજી. સાહેબના ગાંધીનગરના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરેલ હોય તેઓને સદરી વિરૂઘ્ઘ આઇ.પી.સી. કલમ ૧૮૬, પ૦૪ જી.પી.એકટની કલમ–૧૩પ મુજબની ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા ફરીયાદી તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આરોપી હાજર નથી હાજર હોયેથી ઓળખી શકે તેઓને ચાર્જશીટમાં દર્શાવેલ આરોપીનો ફોટો બતાવવામાં આવે છે. તે જોઇને કહે છે કે આ તે જ આરોપી છે આ કામે કબજે લીધેલ મુદામાલ ને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.

આરોપી વીરુઘ્ઘ કલમ ર૯૯ નો હુકમ થયેલ હોય આ સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯) આ કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામા આવેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લેવામા આવે તો ફરીયાદ પક્ષ તરફે મુદામાલ કબ્જે લીધાના પંચનામા ના પંચ તે સાહેદ બોડાજી રૂમાલજી ઠાકોર

નાઓને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, આજથી આશરે દશ વર્ષ અગાઉ અડાલજ ગામની ભાગોળ આગળ પોલીસે તેઓને એક તૈયાર પંચનામામા સહી લીધેલી. પંચનામુ કંઇ બાબતનુ હતુ અને તેમા શી વિગત હતી તેની તેઓને જાણ ન હતી. તેઓની હાજરીમાં પોલીસે કોઇ ગાડીની તપાસ કરી હોય અને તેમાથી તલવાર કે બેઝબોલ જેવા હથીયાર મળી આવેલ હોય અને તે મુજબનુ પંચનામુ તેઓએ પોલીસને લખાવેલ અને તે પંચનામુ આરોપીઓની હાજરીમાં લખાવ્યાનુ બનેલ નથી. તેઓને અસલ પંચનામુ બતાવવામાં આવે છે. તેમા પંચ ૧ તરીકે તેઓની સહી છે. તે તેઓ ઓળખી બતાવે છે. આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચ–સાહેદની ફરીયાદ પક્ષ દ્રારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો ની ઇન્કારી કરતા જણાવેલ છે કે, " ગત તા. ૨૧/૧૨/૧૫ ના રોજ અડાલજ પોલીસ ના બોલાવવાથી ખોરજ નર્મદા કેનાલના બ્રીજ ઉપર પંચમા રહેવા તેઓ હાજર થયેલા. અને તેઓની હાજરીમા તે પંચનામામા તેઓએ લખાવેલ કે અડાલજથી ખોરજ જતા રોડ ઉપર નર્મદા કેનાલના પુલના છેડે એક કબુતર કલરની સ્વીફટ ગાડી ઉભી છે જેનો આગળ પાછળ નંબર જોતા જી.જે.૦૧ આર.એલ. ૫૫૭ લખેલ છે. અને સદર ગાડીના ડ્રાઇવર શીટ ઉપર બેઠેલ ઇસમનુ નામ પુછતા પોતાનુ નામ હિરેનકુમાર પ્રવિણભાઇ પટેલ, રહે. ૨૩ મુખીનો માઢ, સીતાપુર, તા.માંડલ જી.અમદાવાદ હોવાનુ જણાવેલ. તેની બાજુમાં બેઠેલ લેડીઝનુ નામઠામ પુછતા શીલ્પાબેન વિઠલભાઇ કાછીયાણી રહે ઘાટલોડીયા, ઇશ્વરકાકા નગર, મકાન નં.૧૪, અમદાવાદ મુળ રહે. સીતાપુર, તા. માંડલ જી. અમદાવાદ હોવાનુ જણાવેલ ગાડીમાં ચેક કરતા, પાછળની ડેકીમાંથી એક તલવાર મ્યાન સાથેની તથા એક બેઝબોલનો ધોકો મળી આવેલ જે તલવાર તથા બેઝબોલનો ધોકો રાખવા બાબતે તેને પુછતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી. તે તલવારને જોતા લાલ ફુલભાતનુ મ્યાન છે તથા તલવાર બહાર કાઢી જોતા એક બાજુ ધાર છે. અને પીતળ ની ધાતુની મુઠ અને ત્રણફુટ લાંબી લંબાઇ હતી. તથા એ પીળા કલરનો બેઝબોલનો ધોકો જે એક છેડે પાતળો અને બીજા છેડે જાડો જણાઇ આવતો હતો અને સદર ગાડીમાં તલવાર મ્યાન સાથે તથા બેઝબોલનો ધોકો રાખી મે.અધીક જીલ્લા મેજી. સાહેબના ગાંધીનગરના હથીયાર

બંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય ગાડી સાથે બંને હથીયાર કબજે લીધેલા.અને પોલીસે તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ કલાક ૧૮/૦૦ થી ૧૮/૩૦ સુધીનુ લખી લીધેલ હોવા છતા તેની સંદતર ઈન્કારી કરેલ છે.આ આરોપી વીરુઘ્ઘ કલમ ૨૯૯ નો હુકમ થયેલ હોય આ પંચ સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં, આ પંચ સાહેદોએ આંક–૧૩ ના પંચ નામાની હકીકતને સમર્થન આપેલ નથી અને પંચનામાની હકીકતોને પંચ સાહેદોએ ની જુબાનીથી સમર્થન મળતું નથી. તેથી પંચનામાની હકીકતો શંકાસ્પદ બની રહે છે અને પંચ–સાહેદની જુબાની આરોપી સામેના આક્ષેપો સાબીત કરવામાં ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.આમ કોઈ પ્રતીબંધીત મુદદામાલ કહેવાતા આરોપીઓ પાસેથી જ પંચો ની હાજરીમા પકડાયેલ હોવાના ફરીયાદ પક્ષના આક્ષેપ ને સમર્થન મળતુ નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ નીરવ રસીકલાલ કાંતાર નાઓને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે,ગઇ તા. ૨૧/૧૨/૨૦૧૫ ના રોજ તેઓ અડાલજ પો.સ્ટે. ખાતે હાજર હતો તે વખતે પી.એસ.ઓ.શ્રી. એ આવી મુળજીભાઇને જણાવેલ કે, પી.સી.આર.વાન ૧૯૮ ના ઇનચાર્જ અ.પો.કો. રામસીગભાઇનો ફોન આવેલ કે, ખોરજ નર્મદા કેનાલના ઓવરબ્રિજ ઉપર એક ગાડીનો ચાલક તેમની તથા એલ.આર.ગીરીરાજસિંહ સાથે બોલા ચાલી કરે છે તેથી તેઓ તથા અ.હેડ.કો. મુળજીભાઇ જણાવેલ જગ્યા પર આવી જોતા એક સ્વીફટ ગાડી નં. જી.જે. ૦૧ આર.એલ.૦૫૫૭ના ચાલક અ.પો.કો રામસીગભાઇ યુનીફોર્મમા હોવા છતા તેમની સાથે બોલાચાલી કરી જેમ ફાવે તેમ બીભત્સ ગાળો બોલી તેમની ફરજમાં અડચણ કરી, પોતાની ગાડી ચેક નહી કરવા દેતા તેઓ સાથેના અ.હે.કો મળજીભાઇએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોની રૂબરૂમાં ગાડીના ડ્રાઇવીગ શીટ પર બેઠેલા ઇસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ હિરેનકુમાર પ્રવિણભાઇ પટેલ રહે. ૨૩ મુખીનો માઢ, સીતાપુર, તા.માંડલ જી.અમદાવાદ હોવાનુ જણાવેલ. તેની બાજુમાં બેઠેલ લેડીઝનુ નામઠામ પુછતા શીલ્પાબેન વિઠલભાઇ કાછીયાણી રહે ઘાટલોડીયા, ઇશ્વરકાકા નગર, મકાન નં.૧૪, અમદાવાદ મુળ રહે. સીતાપુર, તા. માંડલ જી. અમદાવાદ હોવાનુ જણાવેલ ગાડીમાં ચેક કરતા, પાછળની ડેકીમાંથી એક તલવાર મ્યાન સાથેની તથા એક બેઝબોલનો ધોકો મળી

આવેલ જે તલવાર તથા બેઝબોલનો ધોકો રાખવા બાબતે તેને પુછતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી. જેથી મુળજીભાઇએ વિગતવારનુ પંચનામુ કલાક ૧૮/૦૦ થી ૧૮/૩૦ નુ કરી તલવાર તથા બેઝબોલનો ધોકો તથા મારૂતિ સ્વીફટ ગાડી તપાસ અર્થે કબજે લીધેલુ તેઓના નિવેદનમાં જણાવેલ મુદામાલ મંગાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આરોપી હાજર નથી હાજર હોયેથી ઓળખી શકે તેઓને ચાર્જશીટમાં દર્શાવેલ આરોપીનો ફોટો બતાવવામાં આવે છે. તે જોઇને કહે છે કે આ તે જ આરોપી છે.આરોપી વીરુધ્ધ કલમ ૨૯૯ નો હુકમ થયેલ હોય આ સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લઈને આ કામે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાના મુખ્ય તત્વો જોઈએ તો આ કામે કલમ ૧૮૬ તથા કલમ ૨૯૪(ખ) નો આક્ષેપ કરવામા આવેલ છે. તે કલમ ને માનસહ વંચાણે લેવામા આવે તો તે નીચે મુજબ છે.

**ઈ.પી.કો.ની કલમ–૧૮૬. જાહેર કાર્ય કરતાં જાહેર નોકરને અવરોધવો :–**

કોઈ પણ વ્યકિત, કોઈ જાહેર નોકરને તેનાં જાહેર કાર્યો બજવવામાં સ્વેચ્છાપુર્વક અવરોધ કરે તેને ત્રણ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા પાંચસો રુપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**(૧૨)** આ કામે લાગુ પડતી કાયદાકીય સ્થિતિની ચર્ચા કરવી જરુરી જણાય છે. તેથી આ કેસની હકીકતોને લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે પુષ્પા મહેશભાઈ મકવાણા વી. સ્ટેટ ઓફ ગુજરાતના તા. ૨૦.૩.૨૪ ના ચુકાદાના પેરા ૧૦મા (2024 (0) AIJEL-HC 248289) ઠરાવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરુરી જણાય છે. જે નીચે મુજબ છે.

10. So a combined reading of Section 195 CrPC and Section 2 (d) of CrPC makes it manifest that the second respondent, who is the complainant, w**ho is a public**

**servant has to file a complaint in writing before a Magistrate in relation to said offence punishable under Section 186 of IPC and then the Magistrate is empowered to take cognizance of such offence punishable under Section 186 of IPC. The police cannot register any FIR in respect of said offence under Section 186 of IPC in view of the bar engrafted in Section 195 of CrPC.** Therefore, registration of impugned FIR for the offence punishable under Section 186 of IPC is legally unsustainable and it is liable to be quashed, insofar as said offence is concerned.નામદાર ગુજરાત હાઈકોર્ટએ આ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ મુજબનો ગુનો હોય ત્યારે ક્રિ.પ્રો.કોડ ની કલમ ૧૯૫ ની જોગવાઈઓ લાગુ પડે.

**(૧૩)** હવે આ હેતુસર ક્રિ.પ્રો.કોડની કલમ –૧૯૫ જોઈએ તો તે નીચે મુજબ છે.

S. 195. Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidcence –

(1) No Court shall take cognizance –

(a) (i) of any offence punishable under section 172 to 188 (both inclusive) of the Indian Penal Code (45 of 1860) : or,

(ii) of any abetment of, or attempt to commit, such offence, or ;

(iii) of any criminal conspiracy to commit such offence.

Except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate..."

ઉપરોક્ત ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ ની જોગવાઈ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે, જો કોઈ વ્યકિત વિરુધ્ધ ઈ.પી.કો. ની કલમ–૧૭૨ થી કલમ–૧૮૮ મુજબના ગુનાની ફરીયાદ કરવામાં આવે તો તે ફરીયાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૯૫ મુજબ થવી જોઈએ. એટલે કે, જાહેર સેવક કે તેણે અધિકૃત કરેલ અધિકારીની લેખિત ફરીયાદના આધારે કોર્ટ તેનું કોગ્નીઝન્સ લઈ શકે.

વધુમાં નિર્મળાબેન અરવિંદભાઈ વિરૂધ્ધ કલાવતીબેન નટવરલાલ, ૧૯૯૭(૩) જી.સી.ડી.,પાના નંબર– ૮૫૬ માં પ્રસિધ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો લક્ષમાં લેતાં તેમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ માં જે ફરીયાદનો ઉલ્લેખ છે તે ફરિયાદ અદાલત રુબરુની ફરિયાદ એવો તેનો અર્થ ગણવાનો છે અને તે કલમમાં જે ફરિયાદનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ફરિયાદ પોલીસ રૂબરૂની ફરિયાદ ગણવાની નથી અને તેથી તે મુજબ જો આવી ફરિયાદ અદાલતમાં આપવાને બદલે પોલીસમાં આપેલી હોય અને પોલીસે તેવી ફરિયાદનાં આધારે તપાસ કરીને તપાસને અંતે અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હોય તો તેવી ફરિયાદનું કોગ્નીઝન્સ અદાલત લઈ શકે નહી.

વધુમાં નામદાર મદ્રાસ હાઈકોર્ટના સુદાલાઈમ વિ. રાજયના(૧૯૮૪ લો સ્યુટ (મદ્રાસ) ૨૫૬) ચુકાદામાં નામદાર મદ્રાસ હાઈકોર્ટ દવારા એવું પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે ફરીયાદ દાખલ કરવામા આવે ત્યારે પૂર્વ મંજુરી લીધેલ ન હોય તો ઈ.પી.કો.કલમ–૧૮૬ ની કાર્યવાહી ટકી શકે નહીં. હાલના કેસમાં પણ ફરીયાદી તરફે હાલની ફરીયાદ દાખલ કરવા માટે કોઈ પૂર્વ મંજુરી લેવામાં આવેલ હોય તે અંગે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આમ, ઉપરોક્ત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લઈને જોવામાં આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે, જો કોઈ વ્યકિત વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ મુજબના ગુનાની ફરીયાદ કરવામાં આવે તો તે ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ મુજબ થવી જોઈએ. એટલે કે, ફરીયાદ કમ્પલેઈન કેસ તરીકે કોર્ટમાં આવે તો જ કોર્ટ તેનું કોગ્નીઝન્સ લઈ શકે. હવે હાલના કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ –૧૮૬ મુજબના ગુનાના આક્ષેપો છે અને આ કામે ફરીયાદીએ પોલીસમાં પોતાની ફરીયાદ આપ્યા બાદ પોલીસે ગુનાની તપાસ કરીને ક્રિ. પ્રો.કોડની કલમ–૧૭૦ સાથે વાંચતા કલમ –૧૭૩ મુજબ તેમનો રીપોર્ટ ચાર્જશીટના સ્વરુપમાં કોર્ટમાં રજુ કરેલ

છે અને ક્રિ. પ્રો. કોડની કલમ–૨(ડી) મુજબ મેજીસ્ટ્રેટ સામે કરવામાં આવેલ મૌખિક કે લેખિત આક્ષેપો હોય તો તેને કમ્પલેન્ટ કહેવાય અને કમ્પલેન્ટમાં પોલીસ રીપોર્ટ આવતો નથી અને આ કામમાં ક મ્પલેન્ટ કેસ માટેની જે જોગવાઈઓ ક્રિ.પ્રો. કોડમાં છે તેનું પાલન થયેલ નથી.

હાલના કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલ છે અને તપાસના અંતે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ કોર્ટમાં ચાર્જશીટ રજુ થયેલ છે. તેથી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ મુજબના ગુનાના આક્ષેપો બાબતે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૫ નો સ્પષ્ટ પણે બાધ હોઈ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ ના આક્ષેપો નિશંકપણે સાબીત થયેલાનું માની શકાય તેમ નથી. આવા સંજોગોમાં ઉપરોક્ત તમામ ચર્ચા કર્યા પ્રમાણે આ કામમાં આરોપીઓને સજા થઈ શકે તેમ નથી.

**(૧૪)** આ કામે નામદાર સુપ્રિમ અદાલત દ્રારા અપાયેલ તારીખ ૨.૧.૨૫ ના રોજ નો ચુકાદો તે બી.એન.જહોન વી. સ્ટેટ ઓફ યુ.પીનો ચુકાદો અહી માનસહ વંચાણે લેવામા આવે તો આ રીપોર્ટેબલ ચુકાદામા નામદાર અદાલતે આ વીસીયેટ પ્રોસીડીંગ્સ ગણી જે કલમ ૧૯૫ નો બાધ છે તે યથાવત રહે છે તેમ નોંધતા ઠરાવેલ છેકે,

PARA–15. A bare perusal of Section 195 (1) of the CrPC clearly indicates that there is a bar on the court to take cognizance of any offence punishable under Section 172 to 188 (both inclusive) of the IPC except on a complaint in writing made by the concerned public servant to the court. Therefore, if it is found as contended by the appellant that in respect of the offence under Section 186 of the IPC against him, no such complaint was filed by the concerned public servant as contemplated under Section 195 (1)(a) CrPC, **the CJM could not have taken cognizance of the offence under Section 186 of the IPC**.

PARA–21. Under such circumstances, we are satisfied that the appellant has been able to make out a case that taking cognizance of the offence under Section 186 of the IPC by the Court of CJM, Varanasi, was illegal, **as before taking such cognizance it was to be preceded by a complaint in**

**writing by a public servant as required under Section 195(1) of the CrPC. A written complaint by a public servant before the court takes cognizance is sine qua non, absence of which would vitiate such cognizance being taken for any offence punishable under Section 186 of the IPC. If the initial process is vitiated, the subsequent process would also stand vitiated**.

In State of Punjab vs. Davinder Pal Singh Bhullar (2011) 14 SCC 770, it was held as follows: "107. It is a settled legal proposition that if initial action is not in consonance with law, all subsequent and consequential proceedings would fall through for the reason that illegality strikes at the root of the order. In such a fact situation, the legal maxim sublato fundamento cadit opus meaning thereby that foundation being removed, structure/work falls, comes into play and applies on all scores in the present case.

PARA-41. Under the circumstances, we are of the opinion that taking cognizance by the CJM, Varanasi, of the offences under Section 353 of the IPC and 186 of the IPC was not done by following the due process contemplated under the provisions of law, and accordingly, the same being contrary to law, all the orders passed pursuant thereto cannot be sustained and would warrant interference from this Court.

PARA-43. Accordingly, we allow this appeal by quashing Case No. 9790 of 2015 arising out of Case Crime No. 290 of 2015 under Sections 353 and 186 of the IPC, under P.S. Cantt, District Varanasi, pending before the Court of the CJM, Varanasi, and the consequent orders passed by the CJM, Varanasi in taking cognizance and issuing summon to the appellant

આમ,હાલના કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલ છે અને તપાસના અંતે ક્રિ .પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ કોર્ટમાં ચાર્જશીટ રજુ થયેલ છે. તેથી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ મુજબના ગુનાના આક્ષેપો બાબતે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૫ નો સ્પષ્ટ પણે બાધ હોઈ ઈ.પી.કો.ની કલમ–૧૮૬ ના આક્ષેપો નિશંકપણે સાબીત થયેલાનું માની શકાય તેમ નથી. આવા સંજોગોમાં ઉપરોકત તમામ ચર્ચા કર્યા પ્રમાણે આ કામમાં આરોપીઓને સજા થઈ શકે તેમ નથી.

**(૧૫)** હવે આ કલમ સાથો સાથો કલમ ૫૦૪ નો પણ આક્ષેપ છે.આગળ ઉપર જે ચર્ચા કરી તે મુજબ જયારે કલમ ૧૮૬ સાથે આક્ષેપ કરવામા આવેલ અન્ય આક્ષેપીત કલમોને કલમ ૧૮૬ ના ગુના હકીકતો થી અલગ ના પાડી શકાય તયારે આ અન્ય આક્ષેપીત કલમને પણ કલમ ૧૯૫ નો બાધ નડે છે. અને તેનુ પણ સંજ્ઞાન લઈ શકવા અદાલત મુકત નથી.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટે પુષ્પા મહેશભાઈ મકવાણા વી. સ્ટેટ ઓફ ગુજરાતના તા. ૨૦.૩.૨૪ ના ચુકાદાના પેરા ૧૦મા (2024 (0) AIJEL-HC 248289) નો ચુકાદો ફરી વંચાણે લઈએ તો તેમા નામદાર કોર્ટે અલગ ગુનો કોને કહી શકાય તે અંગે સારુ વીવરણ કરતા પારા ૨૦મા બીજો ચુકાદો રીફર કરી નોંધેલ છેકે 20. Further, the said judgment in Basir-ul-huq (supra) of the Apex Court was also considered by this Court in the above judgment in the case of Kandhal Sarman Jadeja case and at paragraph no.17 of the judgment this Court held as follows:-

17. In the present case the FIR has been registered for the offences punishable under sections 143,147, 149, 186, 332, 160, 294B, 427 and 504 of the IPC. Thus, the offence under section 186 of the IPC(obstructing public servant in discharge of public functions) would attract the mischief of section 195(1)(a). But the offence of section 332 of the IPC, which postulates voluntary causing hurt to deter public servant from his duty is maintained as it does not attract the mischief of section 195 of the Cr.P.C. s**ince the same involves an offence of personal**

**element falling under Ch.XVI regarding offence affecting the human body.** The rest of the offences, indubitably, have distinct characteristicsand ingredients and the same are also different for which no complaint is necessary. Prima facie the contents of the FIR reveal that there was scuffle in the police station, hence at this stage this Court cannot examine whether the ingredients of section 332 of the IPC are satisfied or not. The FIR is also registered for the offence under Sections 3 (1) & 3 (2) of the Prevention of Damage to Public Property Act, 1984. Thus, the bar imposed vide section 195 of the Cr.P.C. for the offence under section 186 of the IPC cannot be fatal for the entire case of the prosecution. Hence, the investigation shall proceed further with regard to other offences except the offence under section 186 of the IPC and for Sections 3 (1) & 3 (2) of the Prevention of Damage to Public Property Act, 1984.

21. Therefore, after considering the said judgment of Basirul- huq and other judgments, this Court clearly opined and concluded that when a separate and distinct offence is also made out from the same facts, then despite the bar under Section 195 of CrPC applicable to one of the offences, that it cannot be fatal for the entire case of the prosecution and the FIR for further offences to which bar under Section 195 of CrPC is not applicable can be sustained.

આમ જયારે કોઈ કેસમા બનાવ એવો હોય અને કેસ હકીકતો સંકળાયેલ હોય તો અને તેવા સં જોગોમા જ  કલમ ૧૯૫ નો બાધ નડતો હોવાનુ માની શકાય. જયારે બે અલગ ગુના બનતા હોય તયારે  એક ગુના ને કલમ ૧૯૫ નો બાધ લાગુ પડવા માત્ર થી સમગ્ર ફરીયાદ–કેસને  ફેંકી શકાય નહી. આ સીધ્ધાત ને હાથ પરના કેસમા પણ લાગુ પડતા હોય આ કામે આક્ષેપીત કલમ ને સપષ્ટ પણે કલમ ૧૯૫ નો બાધ નડે છે.

**(૧૬)** આ કામે ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને આરોપીઓ સામેના આક્ષેપો નિશંકપણે પુરવાર થતા નથી. તેથી મુદ્દા નં .૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧) આ કામના આરોપી હીરેનભાઇ પ્રવિણભાઇ પટેલ રહે. સીતાપુર ગામ મુખીનો માઢ તા. માંડલ જી.અમદાવાદને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. ની કલમ–૧૮૬, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુના માથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨) આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રુા.૫૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૨૦–૦૮–૨૦૨૫

સ્થળ :– ગાંધીનગર

( એફ. એન. સોલંકી. )

ત્રીજા એડી.સીવીલ જજ અને જે.એમ.એફ.સી.

ગાંધીનગર